

સરદાર વલ્લભભાઈની ૧૪૦મી જન્મજયંતિ પ્રસંગે નહેરૂ યુવા કેન્દ્રના પદાધિકારીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જેમાં ડાયરેક્ટર ફાયનાન્સ નહેરૂ યુવા કેન્દ્રના (દિલ્હી) એસ.કે. ઠાકુર, ઝોનલ ડાયરેક્ટર અનિતા ભારતીજી, ડેપ્યુટી ડાયરેક્ટર રાજપુરોહીતજી તેમજ યુથ કોર્ડીનેટર રજનીકાંત સુથાર ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

કેનાલમાં મારેલી છલાંગનો અવાજ બહેનને ફોનમાં સંભળાયો...!

# ભાઈ-બહેન અને મમ્મીને ફોન કરીને યુવાને કેનાલમાં પડતું મુકયુ

ગાંધીનગર, તા.૩૧

ચાંદખેડામાં રહેતા ૩૪ વર્ષના પરિણીત યુવાન ત્રણ સંતાનોના પિતાએ આજે સવારે ઝુંડાલ કેનાલ પાસે પહોંચીને ભાઈ બહેન અને મમ્મીને ફોન કરી બહેન સાથે મોબાઈલ પર વાત ચાલુ હતી ત્યારે જ પાણીમાં છલાંગ લગાવી દઈ મોતને વહાલુ કરી હોવાની ચકચારી ઘટના બનવા પામી છે. બહેને ત્રણ સંતાનો અને ભાણાના કસમ આપી આપઘાત ન કરવા માટે બાંધવા મોબાઈલ પર પ્રયાસ કર્યો પરંતુ યુવાને એક વાત ન માની અને કેનાલમાં પડતું મુકી જીવનલીલા સંકેલી નાંખી હતી. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણ કારણભુત હોય તેવી શકયતા વર્તાઈ રહી હોવાનું પોલીસનું કહેવું છે.

ચાંદખેડા ખાતે શિવમ રો હાઉસમાં મકાન નં.૪૫માં રહેતા ગૌતમ બાબુભાઈ રાઠોડે પીક અપ ડાલુ ચલાવીને તેના પરિવારનું ગુજરાન ચલાવતો હતો તેને ૧૫ વર્ષનો દિકરો પાર્થ, ૧૦ વર્ષનો દિકરો હર્ષ ને ૧૨ વર્ષની દિકરી બિના એમ ત્રણ સંતાનો હતાં તે આથિક ભીંસમાં સપડાઈ ગયેલો હતો. આજે સવારે ગૌતમ તેની મમ્મી પાસેથી ૧૦૦ રૂપિયા ડીઝલ પુરાવા માટે લઈને ઘરેથી નીકળ્યો હતો ત્યાર બાદ ગૌતમનો ફોન મમ્મી, ભાઈ અને બહેન ત્રણેય પર આવ્યો અને તે આપઘાત કરે છે તબીયત સાચવજો તેમ કહ્યું હતું. ગૌતમની બહેને તાત્કાલીક ગાંધીનગર પોલીસ કંટ્રોલમાં જાણ કરતા અડાલજ પોલીસ મથકનાં જમાદાર અમરતભાઈ તેમની ટીમ સાથે ગૌતમ આપઘાત કરે તે પહેલાં પહોંચી જવા દોડી ગયા હતા તો બીજી તરફ ગૌતમની બહેને મોબાઈલ ફોન પર વાત સતત ચાલુ રાખી હતી. ગૌતમ એવું કાંઈ પગલું ન ભરે તે માટે બાંધવા તેના ત્રણ સંતાનો અને ભાણીયાના કસમ પણ આપ્યા! ખુબ સમજાવ્યો... પરંતુ વાત ચાલુ હતી તેટલામાં જ બહેનને કેનાલના પાણીમાં ગૌતમે મારેલા ભુસકાનો અવાજ સંભળાયો..! પળવારમાં મોબાઈલમાં પાણી ઘુસી જતાં કોલ પણ કપાઈ ગયો..! પરિવારજનો અને પોલીસ ઝુંડાલ કેનાલ પહોંચી ગયા. બે ત્રણ કલાક કેનાલમાં શોધખોળ કરી અને ગૌતમનો મૃતદેહ મળ્યો હતો. મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવીને પોલીસે પરિવારજનોને સોંપી અડાલજ પોલીસે આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણથી ગૌતમે આ પગલું ભર્યું હોવાનું જણાઈ આવ્યું છે.

# દહેજ માંગીને પરિણીતાને ત્રાસ આપનાર પતિ-સસરા સામે ફરીયાદ


## સે-૨માં રહેતા પતિ-સસરા સામે ડભોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૨માં રહેતા પતિ અને સસરા લગ્ન બાદ પરિણીતા પાસે રૂ. ૫ લાખની દહેજની માંગણી કરી દહેજ ન આપતા અવાર નવાર મારઝુડ કરી ત્રાસ ગુજરતા હોવા અંગેની ફરીયાદ ડભોડા પોલીસ મથકમાં નોંધાવા પામી છે. ડભોડા પોલીસે પતિ અને સસરા સામે શારિરીક-માનસિક ત્રાસ અને દહેજ માંગણી અંતર્ગત ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર જિલ્લાના રણાસણ ગામની ૩૦ વર્ષીય પરિણીતા નીતાબેન ભીખાભાઈ દેસાઈના લગ્ન છ વર્ષ પહેલા મુળ શાહપુરના રબારી વાસમાં રહેતા અને હાલ સેકટર-૨-બી પ્લોટ નં. ૩૦૩/૧માં રહેતા રાહુલ જયરામભાઈ દેસાઈ સાથે થયા હતાં. પતિ રાહુલ અને સસરા જયરામભાઈ પ્રભાતભાઈ દેસાઈ દ્વારા નીતાબેન પાસેથી રૂ. ૫ લાખના દહેજની માંગણી કર્યા બાદ દહેજ ન આપતા છેલ્લા પાંચ વર્ષથી અવારનવાર મારઝુડ કરી શારિરીક અને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો હોવાની ફરિયાદ નિતાબેને ડભોડા પોલીસ સ્ટેશનમા નોંધાવી છે ડભોડા પીએસઆઈ કલાસવાએ ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

# શ્રી જય અંબે પરિવારના સહસ્ત્રચંડી મહાયાગના ચોથા દિવસે પાત્રાસાદન પ્રયોગ સહીતની પૂજા કરાઈ



ગાંધીનગર, તા.૩૧


શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા રજત જયંતી મહોત્સવના છઠ્ઠા અને સહસ્ત્રચંડી મહાયાગના ચોથા દિવસે પ્રાતઃ પૂજન, પાત્રાસાદન પ્રયોગ, મહાપૂજા, પ્રધાનહોમ, સાયંપૂજા અને મહા આરતી કરવામાં આવી. રજાના દિવસે મહાયાગમાં દર્શન કરવા ધર્મપ્રેમીઓનો પ્રવાહ આખો દિવસ સતત ચાલુ રહ્યો.

પરિવારની બહેનો દ્વારા વિવિધ જાતની મિઠાઈ, ફરસાણ, શાકભાજી, મુખવાસ મોઢે માસ્ક પહેરી અત્યંત પવિત્ર વાતાવરણમાં બનાવી સવારે ૯-૦૦ કલાકે રથેશ્વરી માતાજીને છપ્પન ભોગ અન્નકૂટ હૃદયના શુદ્ધ ભાવથી ધરાવવામાં આવ્યો.

પરિવાર દ્વારા આ સિવાય વર્ષ દરમિયાન સમયાંતરે વિવિધ રોગ નિદાન શિબિર વ્યસન મુકિત અભિયાન, પ્રતિ માસની પૂનમે જગદંબા ભકિત વંદના સ્વાધ્યાય, નર્વાણ મંત્ર લેખન પ્રવૃત્તિ અને ગાંધીનગરથી અંબાજીની પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે મંત્ર લેખન બુક અને પેન પરિવારના છ કેન્દ્રો પરથી છેલ્લા ૧૫ વર્ષથી ગુપ્ત દાતાઓના સહયોગથી વિના મુલ્યે આપવામાં આવે છે અને લખાયેલ બુક પરત લેવામાં આવે છે. જેનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમીઓને પરિવારના પ્રમુખ શ્રી લલિત પટેલની વિનંતી છે.



સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા સેકટર-૭ સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ વાડી ખાતે સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)



જલારામ બાપાની ૨૧૦મી જન્મ જયંતિ પ્રસંગે નગરમાં શોભાયાત્રા નીકળી હતી જેના દર્શનનો ભકતોએ લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# સે-૭ પોલીસ સ્ટેશનમાં પડેલા ૯૮ વાહનોની હરાજી થશે

ગાંધીનગર, તા.૩૧

સેકટર-૭ પોલીસે વર્ષ ૧૯૯૮થી અત્યાર સુધી ગુનાના કામમાં જે વાહનો જપ્ત કર્યા છે તે ઉપરાંત બિનવારસી મળ્યા છે તે વાહનો પૈકી વર્ષો બાદ પણ કોઈ રણીધણી વાહનોને છોડાવવા નથી આવ્યું તેવા ૯૮ જેટલા ટુ વ્હીલર ફોર વ્હીલર વાહનોની હરાજી કરવા મંજુરી માટે સેકટર-૭ પોલીસે તજવીજ શરુ કરી છે.

કોઈ ગુનામાં મુદ્દામાલ તરીકે જપ્ત કરેલા ટુ વ્હીલર-ફોર વ્હીલર વાહનો તથા શહેરમાંથી બિનવારસી હાલતમાં મળી આવેલા વાહનોનો ખડકલો પોલીસ સ્ટેશનોમાં કાટમાળની જેમ પડયો રહે છે. સે-૭ પોલીસ સ્ટેશનમાં પણ આવા સંખ્યાબંધ વાહનો પડયા છે. જેના કોઈ રણીધણી વાહન છોડાવવા વર્ષોથી ડોકાયા નથી. વર્ષ ૧૯૯૮થી અત્યાર સુધીમાં આવા ૯૮ વાહનો છે જેને કોઈએ કોર્ટમાંથી છોડાવવાની દરખાસ્ત સુધ્ધાં કરી નથી. સે-૭ પી.આઈ. એલ.બી. મોણપરાએ આ ૯૮ વાહનોની હરાજી કરી વાહનોનો નિકાલ કરવા માટે મંજુરી માંગી છે. કોર્ટમાંથી મંજુરી મળ્યા બાદ આ વાહનોની હરાજી કરવામાં આવશે. સે-૭ પોલીસ સ્ટેશનમાં આવા ૯૮ વાહનો છે.

# સરકારી કચેરીઓમાં સ્વચ્છતા માટે કાર્ય યોજના

ગાંધીનગર, તા. ૩૧

સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ તા. ૦૨ ઓકટોબર, ૨૦૧૪થી સમગ્ર દેશમાં થયો છે. જે અંતર્ગત ગાંધીનગર શહેરના અનેક વિસ્તારોમાં સફાઈ કરીને આ અનેરા અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો. અભિયાનની આરંભમાં થયેલ સફાઈની અમલવારી કેટલી માત્રામાં ગાંધીનગર શહેર વિસ્તાર અને સરકારી કચેરીમાં રહી છે, તેની ચકાસણી આવતીકાલથી કરવામાં આવશે, તેવું આજરોજ જિલ્લાના અધિકારીશ્રીઓ સાથેની મહત્વની બેઠકમાં જિલ્લા -ભારી સચિવ શ્રી એમ.એસ.ડાગુરે જણાવ્યું હતું.

આજરોજ જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે યોજાયેલ મહત્વની બેઠકમાં જિલ્લા -ભારી સચિવ શ્રી એમ.એસ.ડાગુરે વધુમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં ગાંધીનગરના આંગણે -વાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટ સમિટ જેવા મહત્વના કાર્યક્રમ યોજાનાર છે. જે કાર્યક્રમમાં દેશના માન. રાષ્ટ્રપતિશ્રી તથા માન. વડા-ધાનશ્રી સહિત દેશ - 



વિદેશમાંથી મોટી સંખ્યામાં ડેલીગેટૂસ આવવાના છે. ત્યારે રાજયના પાટનગરની સ્વચ્છતા મહત્વની ભૂમિકા અદા કરશે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, સરકારી કચેરી અને શહેરની મુલાકાત લઈ ત્યાં સફાઈ નિયમિત થાય છે કે નહિ, તેની માહિતી સ્થાનિક લોકો પાસેથી લેવામાં આવશે. તેમજ તેમને પણ સફાઈ માટે જાગૃત કરવામાં આવશે. જે વિસ્તારમાં ગંદકી નજરે પડશે, તેની જાણ તે વિસ્તારના લાયઝન અધિકારીશ્રીને વોટૂસઅપ દ્વારા આપવામાં આવશે, તેવું પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, નાના - મોટા સરકારી અને અન્ય સામાજિક -સંગોની પુર્ણાહુતિ બાદ તે વિસ્તારમાં યોગ્ય સફાઈ થાય તેની ખાસ કાળજી રાખવા પણ ભાર પૂર્વક જણાવ્યું હતું. તેમજ સામાન્ય નાગરિકમાં પણ સફાઈ અંગેની જાગૃતિ આવે તે માટે શહેરી વિસ્તારમાં ઠેર ઠેર કચરા પેટી મુકવા પણ જણાવ્યું હતું. જેથી રાહદારીઓ અને સ્થાનિક લોકોમાં કચરો નજીકમાં રહેલ કચરા પેટીમાં નાખવાની સુટેવ આવે. તેમજ શહેરના વિવિધ સેકટરોમાં આવેલ શોપીંગ સેન્ટરો, બગીચાઓ અને અન્ય જાહેર સ્થળોએ યોગ્ય સફાઈ થાય તે માટે વેપારીઓ અને સ્થાનિક રહીશો પાસે આગ્રહ રાખવો તથા જરૂર પડે દંડની પણ કડક હાથ અમલવારી કરવાની વાત પર પણ ખાસ ભાર મુક્યો હતો. જાહેર સ્થળોએ આવેલા શૌચાલયોની સફાઈ અને શૌચાલય ન હોય ત્યાં શૌચાલય ઉભા કરવા પણ જણાવ્યું હતું.

સંભવિત નીલોફર વાવાઝોડા દરમ્યાન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ સુચારું અયોજનની વિગતો મેળવી હતી. તેમજ વાવાઝોડાની અસર દરમ્યાન માર્ગો પર પડી ગયેલા વૃક્ષો તુરંત દૂર થાય તેની કાળજી રાખવા સંબધિત અધિકારીશ્રીને ખાસ સૂચના આપી હતી. જિલ્લાના મુખ્ય કંટ્રોલ રૂમ અને તાલુકા કક્ષાના કંટ્રોલ રૂમના ફોન કાર્યરત રહે તેની તકેદારી રાખવા ભાર પૂર્વક જણાવ્યું હતું.

વધુમાં જિલ્લા -ભારી સચિવશ્રીએ ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક-૧૦૦ દિવસ અંતર્ગત ફાળવાયેલ લક્ષ્યાંક અંગેની કામગીરી ઝડપભેર પૂર્ણ કરવાનું સુચારું આયોજન કરવા. તેમજ કરેલ કામગીરીનો સમયસર અહેવાલ મોકલવા પણ સર્વે અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે તમામ અધિકારીશ્રીઓને કચેરીઓ, શૌચાલય અને સંકુલમાં યોગ્ય સફાઈ રહે તેની ખાસ તકેદારી રાખવા ભાર પૂર્વક જણાવ્યું હતું. અધિકારીશ્રીઓને કચેરીના સ્ટાફ પરિવાર પાસે ખાસ સફાઈનો આગ્રહ રાખવા પણ જણાવ્યું હતું. તેમજ ગતિશીલ ગુજરાત અંતર્ગત મળેલા લક્ષ્યાંકો સિધ્ધ કરવા પણ ખાસ સૂચના આપી હતી.

આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી એસ.એન. ચૌધરીએ જણાવ્યું હતું કે, નગરજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી છે, સ્વચ્છતા અંગેની જાગૃતિ લાવવા મહાનગરપાલિકા વિસ્તારમાંથી નિયમિત નાની ૬૦ ગાડીઓ દ્વારા ઘરે ઘરેથી કચરો એકઠો કરવામાં આવી રહ્યો છે.તેમજ ૨ કોમ્પેકટર અને ૫ મોટા વાહનો દ્વારા પણ નગરની સફાઈ માટે જોતરવામાં આવ્યા છે. મરેલા ઢોર ઉઠાવવા માટે અલગ વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી.મોડિયા સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૬.૦૧

### તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૪૭ ટકા

### મનોરંજન

#### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫
રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

#### સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૪૫, ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર :૯.૩૦, ૧.૧૫, ૫.૦૦, ૮.૪૫
સ્ક્રીન-૩ :
સુપર નાની : ૯.૧૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૦૦, ૩.૩૦, ૭.૧૫
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૧૧.૦૦
સ્ક્રીન-૪ :
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૯.૩૦, ૨.૫૦, ૮.૧૦
સુપર નાની : ૧૨.૦૫, ૫.૪૫, ૧૦.૪૫

#### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
સુપર નાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
રોર : ૧.૩૦, ૭.૩૦
સ્ક્રીન-૩ :
રોર : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સુપર નાની : ૧.૧૫, ૭.૧૫

### આપની આજ

**મેષ** : વિવાદોથી બચવું. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થઈ શકે છે. વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજજવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન. અને યાત્રાના સંભાવના. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થઈ શકે છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

**કર્ક** : કૌટુંબિક સમસ્યાઓ કુશળતાથી નીપટાવવી. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપારમાં પ્રગતિ થશે.

**સિંહ** : પદ, પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કન્યા** : ભાગીદારીથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : શિક્ષા સંબંધિ ઉપલબ્ધિદાયક યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

**મકર** : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : નવા આર્થિક સ્ત્રોતો પર કાર્યો થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. નર્મદાબેન છગનલાલ નાયી (ઉ.વ.૯૦) મુ.મોટી આદરજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. લાલસિંહ લક્ષ્મણસિંહ ચાવડા (ઉ.વ.૪૦) સેક્ટર-૨૮, આદીવાડા, ગાંધીનગર
- સ્વ. દિપકભાઈ સોમાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૧) મુ. પેથાપુર, ચરેડી વડ, તા.જી. ગાંધીનગર